# Day to Day Current Affairs

27 Nov 2015

## ૧. પ્રથમ ડે- નાઇટ ટેસ્ટમેચ :

- આજથી ટેસ્ટ ઇતિહાસની પ્રથમ ડે-નાઇટ મેચ ઓસ્ટ્રેલિયા અને ન્યુઝિલેન્ડ વચ્ચે એડિલેડ ખાતે યોજાશે.
- આ મેચમાં 138 વર્ષના ટેસ્ટ ઇતિહાસમાં પ્રથમ વખત ગુલાબી રંગના બોલનો ઉપયોગ કરવામાં આવેશે.
- ડે નાઇટ ટેસ્ટમાં ખાસ કરીને રાત્રે ફુલ્ડ લાઇટસ ચાલુ હોય તયારે ક્રિકેટરોને બોલ સરલતા થી દેખાય તે માટે પીન્ક બોલની પંસદગી કરવામાં આવી છે.
- સામાન્ય રીતે ટેસ્ટ ક્રિકેટ્માં હંમેશા પહેલા લન્સ બ્રક પડતો હતો પરંતુ એડિલેડ ટેસ્ટ્માં પ્રથમ વખત એવું થશે કે પહેલા ટી ટાઇમ લેવાશે અને ત્યારબાદ ડિનર બ્રેક લેવામાં આવશે.
- ઓસ્ટ્રેલિયા ટીમ કેપ્ટન – સ્ટિવ સ્મિથ, ન્યુઝિલેન્ડ ટીમ કેપ્ટન – બ્રેન્ડ્ન મેક્ક્લુમ.
- આ ઐતિહાસિક મેચનું ફિલ્ડ ઉપર અંપાયરિંગ ભારતના એસ.રવિ અને ઇંગ્લેન્ડના રિચાર્ડ ઇલિંગવર્થ કરશે.

## ૨. 'બાજ ગતિ' ભારતીય ભુમિદળ નો યુદ્ધભ્યાસ

- હાલમા રાજસ્થાનથી. સરહદપર ભારતીય ભુમિદળ અત્યાર સુધીનો સૌથી મોટો યુદ્ધભ્યાસ કરી રહ્યું છે.
- આ યુધ્ધભ્યાસ ને 'બાજ ગતિ' નામ આપવામા આવ્યું છે.
- આ યુદ્ધભ્યાસ માટે 50 હજારથી વધુ સૈનિકો જેસલમેર અને બાડમેરમાં ભેગા થયા છે.
- પહેલીવાર સૈન્ય અભ્યાસમાં ભૂમિથી ભૂમિ પર માર કરનારી બ્રહ્મોસ મિસાઇલોનો પણ ત્રાયલ કરી રહ્યું છે.
- આ યુદ્ધ અભ્યાસ 16મી સપ્ટેમ્બરે શરૂ કરવામાં આવ્યો હતો જે ડિસેમ્બર સુધી ચાલશે.
- પાકિસ્તાન- ચીન પણ રાજસ્થાન સરહદે યુદ્ધાભ્યાસ કરી રહ્યા છે.

## ૩. બિહારમાં દારૂબંધી :

- તાજેતરમાં પાંચમી વખત બિહારના મુખ્યમંત્રી પદે શપથ લેનારા નીતીશકુમાર ચૂટણી વાયદો નિભાવતા સંપૂર્ણ રાજ્યમાં દારૂબંધી લાદવાનો નિર્ણય લીધો છે.
- 1 એપ્રિલ 2016થી આ નિર્ણયનો અમલ કરવામાં આવશે.

## ૪. ડૉ.અતુલ પંડ્યા – IMA ગુજરાતના નવા પ્રમુખ :

- ઇન્ડિયન મેડિકલ એસોસિએશન ગુજરાતના પ્રમુખપદ માટેનીચૂંટણીમાં રાજકોટના જાણિતા પેથોલોજિસ્ટ ડૉ.અતુલ પંડ્યા બિનહરીફ ચૂંટાયા છે.
- ડો.પંડ્યા બિનહરીફ જાહેર થતા IMA ગુજરાતનું પ્રમુખપદ 26 વર્ષબાદ રાજકોટને મળ્યું છે.
- ડૉ.પંડ્યાનો શપથવિધિ સમારોહ 28 નવેમ્બર 2015ના રોજ વડોદરા યુનિર્વસિટિ કેમ્પસ ખાતે યોજાશે.
- ઇન્ડિયન મેડિકલ એસોસિએશન ગુજરાતની સ્થાપના 1954માં થઇ હતી.
- આ સંગઠનની હાલ ગુજરાતમાં 117 બ્રાન્ચ છે જેમાં 26 હજાર કરતાં વધારે ડૉકટર્સ છે.
- ઇન્ડિયન મેડિકલ કાઉન્સીલ ઓફ ઇન્ડિયાના પ્રમુખ વડોદરાના ડૉ.જયશ્રીબેન મહેતા છે.

## ૫. પૃથ્વી-2 મિસાઇસનું સફળ પરીક્ષણ :

- ભારતે 26 નવેમ્બરના રોજ સંપૂર્ણપણે દેશમાં તૈયાર થયેલી પૃથ્વી-2 મિસાઇલ્સનું સફળ પરિક્ષણ કર્યું.
- ઓરિસ્સાના ચાંદીપુર ખાતે આ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- ડીઆરડીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી આ બેલેસ્ટિક મિસાઇલ 500થી 1000 કિલો વજનના પરમાણુ હથિયાર લઇ જવાની ક્ષમતા ધરાવે છે.
- પૃથ્વી-2 જમીનથી જમીન પર 350 કિલોમીટર સુધી પ્રહાર કરી શકે છે.

Vivekanand Academy, Gandhinagar